આંક-૬

**મહે. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

ફોજદારી કેસ નં.૧૫૩૯૨/૨૦૧૮
જૂનો ફોજદારી કેસ નં.૭૧/૨૦૧૩

**ફરિયાદી :-** **કામદાર રાજ્ય વીમા નિગમ**
અમદાવાદ મારફતે:- શ્રી એસ.બી. બુખારી,
સોશીયલ સીક્યુરીટી ઓફીસર/બ્રાન્ચ મેનેજર.

: વિરૂધ્ધ :

**આરોપીઓ :-**

(૧) **શ્રી અતુલભાઈ જયંતિભાઈ કોઠારી, (પાર્ટનર)**
૧૮, સંસ્કાર ધામ સોસાયટી, હરીઓમ નગર, ઘોડાસર, અમદાવાદ.

(૨) **શ્રી સુરેશભાઈ માધવભાઈ દેસાઈ, (પાર્ટનર)**
૨૨, નંન્દબાગ બંગ્લોઝ, નીકોલ-નરોડા રોડ, અમદાવાદ-૩૮૨૩૫૦.

(૩) **મે.શ્રી માર્વેલ એન્ટરપ્રાઈઝીસ,**
૨૪૨, વિજય એસ્ટેટ, સેન્ટ્રલ વર્કશોપ રોડ, ભીક્ષુક ગ્રુહ, ઓઢવ, અમદાવાદ-૩૮૨૪૧૫.

ગુન્હો:- ઈ.એસ.આઈ. એકટ - ૧૯૪૮ ની કલમ-૮૫(જી) મુજબ.

## -: ચૂ કા દો :-

(૧) હાલનો ફોજદારી કેસ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ કોર્ટ અમદાવાદ તરફથી લેબર કોર્ટ અમદાવાદને તબદીલ કરવામાં આવેલ છે, જે અત્રેની કોર્ટને એલોટ કરવામાં આવેલ છે. ઉપરોકત કેસની ફરીયાદ **સોશીયલ સીક્યુરીટી ઓફીસર/બ્રાન્ચ મેનેજર** ધ્વારા જે તે વખતે સબંધિત મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ સમક્ષ ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૧૯૦ (૧) (એ) મુજબ ફરિયાદીએ રજૂ કરતા સબંધિત કોર્ટ ધ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦ (એ) વંચાણે લઈને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો. સદરહુ ફરિયાદની હકીકત જોવામાં આવે તો, આરોપીઓએ ઈ.એસ.આઈ. એકટ ૧૯૪૮ અન્વયેના એમ્પ્લોઈ સ્ટેટ ઈન્સ્યુરન્સ (જનરલ) રેગ્યુલેશન ૧૯૫૦ ના રેગ્યુલેશન ૧૨ નો ભંગ કરેલ, જે સંદર્ભે સદરહુ કાયદાની કલમ-૮૫(જી) હેઠળ શિક્ષાપાત્ર ગુનાની ફરીયાદ કરેલ છે.

(૨) ત્યારબાદ સદરહુ કેસ અત્રેની કોર્ટમાં તબદીલ થતાં આરોપીઓને સમન્સ ઈસ્યુ કરતા તેઓ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગમાં હાજર થયેલ. જેથી આરોપીઓને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામા આવેલ. ત્યારબાદ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૧ મુજબ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબૂલ છે કે કેમ? તેવું પૂછવામાં આવેલ જેથી આરોપીઓએ પોતે ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુન્હાની કબૂલાત અંગે પુરસીસ, ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ અન્વયે રજૂ કરેલ છે. આરોપીઓએ ગુન્હાની કબૂલાત

પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ, છતાં આરોપીઓ પોતાનો ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

(૩) આરોપીઓએ હાલની ફરિયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબૂલ કરતા હોવાનું જણાવીને કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, પોતાને આ અંગે જાણ ન હતી અને અગાઉ તેઓ કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી. ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહિ તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૪) આ કામે આરોપીઓ સામેના ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીઓએ ઈ.એસ.આઈ. એકટ ૧૯૪૮ અન્વયેના એમ્પ્લોઈ સ્ટેટ ઈન્સ્યુરન્સ (જનરલ) રેગ્યુલેશન ૧૯૫૦ ના રેગ્યુલેશન ૧૨ નો ભંગ કરેલ છે. આમ, ઈ.એસ.આઈ. એકટની કલમ–૮૫(જી) મુજબનો ગુન્હો કરેલ છે. આરોપીઓ સ્વેચ્છાએ ગુન્હો કબૂલ કરતા હોઈ તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીઓએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતા તથા આરોપીની ઉંમર, કેસની હકીકત, કેસનું આયુષ્ય, સજાની જોગવાઈ ગુન્હાનો પ્રકાર વિગેરે, તેમજ ખાસ સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાન ૭૦૯ ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા આ કામના આરોપીઓને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

**–: હુકમ ::–**

(૧) આ કામના દરેક આરોપીઓને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ મુજબ **ઈ.એસ.આઈ. એકટ ૧૯૪૮ ની કલમ–૮૫(જી)** ના ભંગ બદલ દોષિત ઠરાવવામાં આવે છે અને તેઓને પ્રત્યેક ભંગ બદલ રૂા.૪,૦૦૦/– (અંકે રૂપિયા ચાર હજાર પુરા) તેમ કુલ મળીને રૂા.૪,૦૦૦/– (અંકે રૂપિયા ચાર હજાર પુરા) ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. આમ, ત્રણેય આરોપીઓને મળી **કુલ રૂા.૧૨,૦૦૦/– ( અંકે રૂપીયા બાર હજાર પુરા)** નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓ દંડની રકમ ભરવાનો કસૂર કરે તો આરોપી નં. ૧ અને નં.૨ ને એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીઓએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૧૩/૦૭/૨૦૧૯ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૧૩–૦૭–૨૦૧૯
સ્થળ : અમદાવાદ.

(નાગદાનભાઈ કે. ડાભી )
એડિશ્નલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)
લેબર કોર્ટ, અમદાવાદ.
CODE : GJ01030